॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૭૨, મે-૨૦૨૫, રૂા. ૫.૦૦/-













સર્વપિતૃઓના મોક્ષાર્થે ભુજ મંદિરના મહંત સદ્ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી ભુજ શ્રી નરનારાયણદેવના ચરણોમાં સંવત ૨૦૮૧ ફાગણ વદ અમાસથી ચૈત્ર સુદ ૭, દિનાંક ૨૯ માર્ચથી ૪ એપ્રિલ ૨૦૨૫ સુધી ૪૦૧ પોથીઓના યજમાન પદે સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાન યજ્ઞ મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો-ભુજ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૫ અંક-૩ માર્ચ-૨૦૨૫
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૭૨

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| લેખ | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૫ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૭ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

પરમાત્માના અદ્‌ભુત સર્જનોમાં માનવબુદ્ધિ અટવાઈ જ જાય. દેવો, રાક્ષસો, માનવો, પશુ, પક્ષીઓ, પ્રાણીને સૂક્ષ્માતિસૂક્ષ્મ તથા વિરાટત્તમ જીવ સૃષ્ટિથી અનંત બ્રહ્માંડ ભર્યું પડ્યું છે.

'કલી'નું કામ હતું ધર્મને સાત્ત્વિકતા ને સત્યને હણો, ને અધર્મ તથા અસત્યનો વ્યાપ વધારો. એક બળદ જેના કલીએ ત્રણ પગો કાપી નાખ્યા હતા. તે માત્ર ધર્મને આધારે એક પગે મરવા ઉભો હતો. તેને પણ જ્યારે કલી ચોથા પગને કાપવા વિચારતો હતો ત્યારે પરિક્ષીત નામના પાંડવ વંશજે કલીને મારી નાખવા ગયા ને ત્યારે કલીએ હાથ જોડી પ્રાર્થના કરી કે, કલીયુગમાં જે ભગવાનનું માત્ર નામ રટણ કરશે તે પણ મોક્ષ પામી શકશે. તેવો મારો સમય છે, તેથી મને મારો નહિ ને મને પાંચ મનપસંદ જગ્યાએ રહેવાનો અધિકાર આપો. તેથી પરિક્ષીતે કલીને છોડ્યો. કલી ત્યારથી સ્ત્રી, સુવર્ણ, જુગાર, ચોરી ને મદીરામાં આધિકારીકપણે રહે છે.

રાજા પરિક્ષીત એકવાર તેમના સુવર્ણ ભંડારની મુલાકાત લીધી ને તેમાંથી હિરા, મોતી, માણેક ને અનેક ઝવેરાતો જોડેલો ક્રૂર રાજા જરાસંધનો મુગટ ઉપાડી ને જેવો માથે મૂક્યો કે લાગ મેળવીને કલી તેમના મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારમાં વ્યાપ્ત થઈ ગઈ ને પરિણામે મૃગ્યા કરવા ગયા. જંગલમાં તેમણે ધ્યાનસ્થ બેઠેલા ઋષિ સમિકના ગળામાં મરેલો સર્પ પહેરાવી દીધો, ત્યારે આવી પહોંચેલો સમિકના દીકરાએ રાજા પરિક્ષીતને બરોબર સાતમે દિવસે તેમને પણ નાગ દંશથી મૃત્યુ પામશે.


આ ઘટનાથી પરિક્ષીતને તેજ વખતે અમૂલ પરિવર્તન કરી રાજપાટ છોડ્યું, ને સાતે દિવસ  શ્રીમદ્‌ભાગવત પરાયણમાં વિલિન થઈ ગયા. સત્સંગીઓને ત્યારથી ભાગવતનું દિવ્ય જ્ઞાન મળ્યું. પરિક્ષીતને મોક્ષનો શાપ ફળ્યો.

ચાલો આપણે શ્રીસહજાનંદ સ્વામી મહારાજનાં અનુયાયીઓ ને સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તો જાગ્રત થઈને જરા વિચારીએ કે,

**"અસાર સંસારમાં મેં પણ, કેટલાયને કૂડ, કપટ, જૂઠના;**
**શાબ્દિક હારો પહેરાવ્યા હશે,? હવે શ્રીહરિના પ્રતાપે ભાગવતપ્રેમી બનું."**

# શિક્ષાપત્રી શ્લોક - ૯૧

- હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી' ભુજ



**સંસ્કારાશ્ચાહ્નિકં શ્રાદ્ધં યથાકાલં યથાધનમ્ ।**
**સ્વસ્વગૃહ્યાનુસારેણ કર્તવ્યં ચ દ્વિજન્મભિઃ ॥**

અને બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય આ ત્રણે વર્ણવાળા મારા આશ્રિતો હોય તેમણે ગર્ભાધાનાદિક સર્વે સંસ્કારો તથા આહ્નિકકર્મ અને શ્રાદ્ધ આ ત્રણે પોતપોતાના ગૃહ્યસૂત્રને અનુસારે અને ધન સંપત્તિને અનુસારે હમેશાં કરવાં.

ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, સવારમાં સૂર્યોદયથી આરંભીને સાંયકાળ પર્યંત જે કર્મો શાસ્ત્રમાં વિધાન કરવામાં આવેલાં છે, તેને જેમ નિત્યકર્મ અથવા તો દિનચર્યા કહેવામાં આવે છે. તેમજ ગર્ભમાં દાખલ થવાથી આરંભીને મૃત્યુપર્યંતની જે ક્રિયાઓ શાસ્ત્રમાં વિધાન કરવામાં આવેલી છે, તેને જીવનચર્યા કહેવામાં આવે છે.

શાસ્ત્રોમાં ગર્ભાધાનાદિક સોળ સંસ્કારો મુખ્ય કહેલા છે. ૧.ગર્ભાધાન, ૨.પુંસ્વન, ૩. સિમંતોન્નયનન, ૪.જાતકર્મ, ૫. નામકર્મ, ૬. નિષ્ક્રમણ, ૭. અન્નપ્રાશન, ૮. ચૌલ, ૯. ઉપનયન સંસ્કાર આ રીતે શિક્ષાપત્રીમાં સંસ્કારમયૂખ શાસ્ત્રને અનુસારે નવ સંસ્કારોનું મુખ્ય વર્ણન કરેલું છે.

"કલીયુગમાં સોળે સંસ્કારો તો, ઢાળઢોળથી કયાંયે લપસી ગયા છે..! સત્સંગીઓને શિક્ષાપત્રી તો, કર્મનો મર્મ હુ બહુ સમજાવે..!" સંસ્કારોની માર્મિકતા પૂરેપૂરી સમજવા તો ૯૧ માં શ્લોકમાં ઊંડા ઉતરીને ગોતા મારવા જેવાં છે.

ગૃહસ્થ ધર્મની અંદર પિતા છે એ આ સૃષ્ટિમાં કાર્યકારી શક્તિસ્વરૂપ નારીના ઉદરમાં બીજની સ્થાપના કરે છે. જે માતાપિતાનું મન પવિત્ર હોય, તેનું સંતાન પણ પવિત્ર થાય છે. તેથી માતાના ઉદરમાં જ્યારે ગર્ભની સ્થાપના થાય, ત્યારે પિતાનું અને માતાનું જેવું મન તેવું બાળક ઊત્પન્ન થાય જ છે. "કલીયુગમાં નર-નારીની વાસના ભૂખ, ભલભલા સત્સંગીને પણ ભીંત ભૂલાવે; લખી રાખો, સોહાગરાત છૂમંતર નથી, કે ઊત્તમ સંતતી સ્વયંભૂ જન્મી પડે..!"

શ્રીજીમહારાજનો કહેવાનો અભિપ્રાય એ છે કે, સંસ્કારો આહ્નિક કર્મ અને શ્રાદ્ધ આ બધાંયે પોતપોતાની ધનસંપત્તિ અને પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરવાં અને પોતાના જીવનને અલંકૃત બનાવવું. તેમાં આશ્વાલયન, કાત્યાયન આદિકનું મુનિઓએ રચેલાં કલ્પસૂત્રો ઘણાં છે. તેમાં પોતાના વેદની શાખાના ઋષિએ રચેલાં કલ્પસૂત્રની અંદર કહેલી રીતિ વડે સંસ્કારો, આહ્નિકકર્મ અને શ્રાદ્ધો કરવાં, આવો અભિપ્રાય છે.

# નારાયણ સરોવર તીર્થક્ષેત્રે નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિરનું નિર્માણ



શાસ્ત્રોમાં ચાર સરોવર કહેલા છે. ૧-માન સરોવર, ૨-બિંદુ સરોવર,૩-પંપા સરોવર, ૪-નારાયણ સરોવર. જે કચ્છમાં છે.

નારાયણ સરોવર તેમાનું એક સરોવર છે, નારાયણ સરોવરનો અર્થ થાય છે ભગવાન શ્રીવિષ્ણુનું સરોવર. પૌરાણિક કથાઓ અનુસાર સરસ્વતી નદી નારાયણ સરોવર નજીક આવેલા દરિયામાં મળતી હતી અને આ સરોવરને પોતાના પાણી વડે ભરી દેતી હતી.

શ્રીમદ્ ભાગવત મહાપુરાણના છઠ્ઠા સ્કંધમાં ઉલ્લેખ છે કે, દક્ષ પ્રજાપતિના પુત્રો દશ હજાર હર્યસ્વ અને એક હજાર સબલાસ્વ એ શ્રીનારદઋષિના ઉપદેશથી શ્રીનારાયણસરોવરના ક્ષેત્રમાં તપશ્ચર્યા કરી હતી અને પવિત્ર સરોવરના કિનારે પરમહંસોના ધર્મમાં તેમની મતિ સ્થિર થઈ હતી.

ચતુર્થ સ્કંધ પ્રમાણે પ્રાચીન બર્હિ રાજાના પુત્રો દશ પ્રચેતાઓએ જળ પ્રવેશ કરી ભગવાન વિષ્ણુનું ધ્યાન ધર્યું હતું. પિતા પ્રાચીન બર્હિની આજ્ઞાનુસાર સૃષ્ટિસર્જનનું વરદાન મળ્યું. પ્રચેતાઓએ સમુદ્રમાંથી બહાર આવીને તેમની આંખોના તેજ વડે જંગલોને બાળી પૃથ્વીને માનવ વસવાટ માટે લાયક બનાવી હતી. આમ મનુષ્ય જાતિની ઉત્પતિ શ્રીનારાયણસરોવર ક્ષેત્રથી થઈ હોવાનું મનાય છે.


એક માન્યતા પ્રમાણે ભગવાન વિષ્ણુ વરાહ સ્વરૂપ ધારણ કરી ક્ષીરસાગરના ઊંડાણમાં પૃથ્વીને પોતાના મુખથી જમણી દાઢ દ્વારા બહાર કાઢી તે વાત પુરાણોમાં આવે છે. પૃથ્વી પર મીઠા જળની અતિ આવશ્યકતા હતી અને ઋષિઓની પ્રાર્થના સાંભળી ભગવાન નારાયણના જમણા પગના અંગુઠામાંથી મીઠા જળનો સ્ત્રોત વહેતો થયો તે જ આ નારાયણસરોવર તીર્થ છે.

નારાયણસરોવરના કિનારે ત્રિકમરાય ભગવાનનું મંદિર છે. ભગવાન સ્વામિનારાયણ કચ્છમાં વિચરણ દરમિયાન નારાયણસરોવર પધાર્યા હતા. ત્રિકમરાય ભગવાનના દર્શન કરેલાં



હતાં. તથા સરોવરમાં સ્નાન કરેલું હતું. આ નારાયણ સરોવર તીર્થમાં શ્રીહરિ ત્રણ દિવસ રહ્યા હતા.

આવા પવિત્ર સ્થાનમાં ભગવાન સ્વામિનારાયણનું મંદિર બને એવી ભુજ મંદિરના વડીલ સંતોની ઈચ્છાને સાકારરૂપ આપવા ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપામહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજીસ સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા ભુજ મંદિરના તમામ મંડળધારી સંતો તથા વડિલ સંતોની આજ્ઞાથી મંદિરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. મહંત સ્વામીની આજ્ઞાથી બાંધકામ સમિતિના સંતો તથા હરિભક્તો તે કાર્ય કરી રહ્યા છે. આ કાર્યને નિહાળવા માટે ભુજ મંદિરથી કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા વડિલ સંતો અવારનવાર પધારીને સલાહ સૂચન આપતા રહ્યા છે. મંદિર તથા હરિભક્તોના ઉતારાનું કામ પૂર્ણતાને આરે છે આ કાર્યને નિહાળવા માટે તા.૧૦/૩/૨૦૨૫ પવિત્ર એકાદશીના દિવસે અમદાવાદ કાલુપુર મંદિરેથી



પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રજપ્રસાદજી મહારાજ તથા ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી તથા વડિલ સંતો પધાર્યા હતા.



મધ્યાહ્ન સમયે શ્રીઠાકોરજીના દર્શન કરી શ્રીત્રિકમરાયજી ભગવાનના પૂજન અર્ચનનો લાભ લીધો હતો. ત્યારબાદ પવિત્ર નારાયણસરોવરમાં સ્નાન કરીને બધાએ ધન્યતા અનુભવી હતી.



ત્યારબાદ ભારત-પાકિસ્તાનની સરહદે સમુદ્રકાંઠે આવેલા પુરાણ પ્રસિદ્ધ કોટિ શિવલિંગોના કારણે પ્રખ્યાત બનેલા કોટેશ્વર મહાદેવના દર્શન કર્યા હતા. ત્યાં પણ જલાભિષેક તથા પૂજનનો લાભ લીધો હતો. કોટેશ્વર મંદિર હિંદુ ધર્મ માટે યાત્રાનું સ્થળ છે. તે કચ્છને જોડતી ભારતની સરહદે આવેલું અંતિમ યાત્રા સ્થળ છે.

મંદિરની પાસે જ સીમા સુરક્ષાદળની ચોકી આવેલી છે. ત્યાં પૂજ્ય મોટા મહારાજશ્રી તથા પૂજ્ય મહંત સ્વામીએ સીમા સુરક્ષાની જવાબદારી સંભાળતા જવાનોને પ્રસાદ વિતરણ કરી આશીર્વાદ આપ્યા હતા.

ત્યારબાદ સૌ વડિલ સંતો તથા પૂજ્ય મોટા મહારાજશ્રીની પધરામણી નૂતન સ્વામિનારાયણ



મંદિર નારાયણસરોવરમાં થઇ હતી. ત્યાં પહેલેથી જ ભક્તજનો રાહ જોઇ રહ્યા હતા. પૂજ્ય સંતોના તથા પૂજ્ય મોટા મહારાજશ્રીના દર્શન થતાં સૌ ભક્તોએ હર્ષની લાગણી અનુભવી હતી. મંદિરનું બાંધકામ તથા હરિભક્તોના ઉતારાની વ્યવસ્થા જોઇ પૂજ્ય મોટા મહારાજશ્રી રાજીપો વ્યક્ત કરતાં એમ કહ્યું જે, “અહીં આવતાની સાથે અંતરમાં શાંતિનો અનુભવ થાય એવું કાર્ય થયું છે.” “આવનારા દિવસોમાં આ મંદિરનો ખૂબ મહિમા વધશે” એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભામાં ઉપસ્થિત ભક્તજનો ભાવવિભોર બન્યા હતા.

પૂજ્ય મહંત સ્વામીએ આશીર્વાદ આપતા કહ્યું કે, આ મંદિર નિર્માણકાર્ય ભુજ શ્રીનરનારાયણદેવની ઇચ્છાથી જ થઇ રહ્યું છે. જેની સેવાનો લાભ તમને મળી રહ્યો છે એ તમારા મોટા ભાગ્ય છે. મહંત સ્વામીએ આગામી શ્રાવણ મહિનામાં તા. ૧૦/૮/૨૦૨૫ થી તા. ૧૪/૮/૨૦૨૫ સુધી આ મંદિરનો મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનું આમંત્રણ પણ સૌને પાઠવ્યું હતું. આ પ્રસંગે અબડાસા વિસ્તારના ભક્તજનોને ખાસ ભલામણ કરી હતી કે તમારા વ્યવહારિક કામકાજ આઘાપાછા

## વૃક્ષોનો ઉછેર સૃષ્ટિને ઓક્સિજન પૂરું પાડનાર કાર્ય છે

સમગ્ર ગુજરાતના જે જે જિલ્લાઓમાં વરસાદનું પ્રમાણ ઓછું હોય છે તે તે જિલ્લાઓમાં ગુજરાત સરકાર ફોરેસ્ટ વિભાગ દ્વારા સામાજીક વનીકરણનું કામ કચ્છ જિલ્લામાં પણ ચાલી રહ્યું છે. ત્યારે આજ રોજ ભુજ-માંડવી રોડ ઉપર ખત્રીયાણી તળાવ સામેની જગ્યાએ ફઇબા ભક્તિબાગમાં ભુજ મંદિરના પૂજ્ય સદ્‌ગુરુ મહંત સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી પ.પૂ.આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી



મહારાજના વરદહસ્તે ૮૫૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. આ પ્રસંગે ભુજ મંદિરના ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી,





સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, પ્રસાદી મંદિરના કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજી આદિ સંતો તથા ભુજ મહિલા મંદિરના મહંત સાં.યો.સામબાઈ ફઈ આદિ સાં.યો.બહેનો મોટી સંખ્યામાં પધારી ગામ રામપર નવાવાસના હરિભક્તો મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો પધારી કાર્યક્રમ શોભાવ્યો હતો.



આ પ્રસંગે જિલ્લા ભાજપના પ્રમુખ દેવજીભાઈ વરચંદ, તાલુકા પ્રમુખ વિનોદભાઈ પિંડોરીયા, ભીમજીભાઈ જોધાણી આદી મહાનુભાવો પધાર્યા હતા.

મોટા સંતો, સાં.યો. બહેનોની સ્મૃતિમાં નામ પ્લેટ સાથે આવેલ સંતો, ભક્તોએ વૃક્ષોનું વાવેતર કરેલું હતું. અગાઉ આઠ મહિના પહેલાં વૃક્ષ વાવેલા તે અત્યારે ૬ ફૂટ ઊંચા થઈ ગયેલ જોઈ એમા આવેલ જામફળ, સીતુ જેવા ફળો જોઈ તે શ્રીઠાકોરજીને ધરાવવામાં આવેલ જોઈ ભક્તોનો ઉત્સાહ ખૂબ વધ્યો હતો. આ વ્યવસ્થા ગામ રામપરના પ.ભ. રૂડાભાઈ રાજાણી, કલ્યાણભાઈ વેકરીયા, નવિનભાઈ ભુડિયા, પરબતભાઈ ભુડિયા, જાદવજીભાઈ કેરાઈ વિગેરે સંભાળી રહ્યા છે.

કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

## શ્રીનરનારાયણદેવ જયંતી ફૂલદોલોત્સવ

તા.૧૪/૩/૨૦૨૫ શુક્રવાર શ્રીનરનારાયણદેવ જયંતી નિમિત્તો શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજમાં ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો. ભુજ મંદિરમાં શ્રીઠાકોરજીની શણગાર આરતી બાદ ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સંતો દ્વારા શ્રીઠાકોરજીનું પૂજન કરી શ્રીનરનારાયણદેવને ફૂલોથી સજાવેલા હિંડોળામાં બિરાજમાન કરી મહંત સ્વામીએ ફુલદોલોત્સવની આરતી કરી હતી અને સંતો-ભક્તો દ્વારા પુષ્પ વૃષ્ટિ કરવામાં આવી હતી. ત્યારબાદ મહંત સ્વામી પધારેલ સર્વે ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને સર્વે ભક્તોને ધાણી અને પતાસાની પ્રસાદી આપવામાં આવી હતી.



**ભુજ મંદિરના નવદિક્ષિત સંત**
**સ્વામી રામદાસજી, ગુરુ શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી**
**તા. ૧૨/૪/૨૦૨૫ શનિવાર**

## ચૈત્ર સુદ-૧૫ (હનુમાન જયંતી) પ્રસાદી મંદિરમાં પારાયણ

દિનાંક ૮ થી ૧૨ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન પ્રસાદી મંદિરમાં શ્રીઘનશ્યામ લીલામૃત પંચાહ્ન પારાયણનું આયોજન કરાયું હતું. તા.૮ ના સવારે શ્રીઘનશ્યામ મહારાજના ચરણોથી પોથીયાત્રાનું પૂજન કરી વાજતે ગાજતે સભામંડપમાં વ્યાસપીઠ ઉપર પધરાવવામાં આવેલ. કથા સ્થાપનવિધિ બાદ વક્તા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી સંગીતના સથવારે કથા સંભળાવી હતી. આજે એકાદશી હોવાથી સાંજે સંધ્યા આરતીનો મહાઆરતીના રૂપમાં યજમાનોએ



લાભ લીધો હતો. અન્ય વક્તા શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી તથા સ્વામી સંતમુનિદાસજી આદિ ત્રણે વક્તાઓએ સંગીતકાર સંતો ભક્તો સાથે કથા રસપાન કરાવ્યું હતું.

તા.૧૨ ના રોજ કથા સમાપ્તિના દિવસે બળદિયા બંને વાસના મંડળીવાળા ભક્તો વાજીંત્રો સાથે પધાર્યા હતા અને હનુમાનજી આગળ સમૈયો કર્યો હતો. ત્યારબાદ હનુમાનજીના જન્મોત્સવની આરતી કરવામાં આવી હતી. આવેલ દરેક ભક્તોને યજમાન તરફથી કંઠી, પુષ્પહાર અર્પણ કરી આવકાર કરવામાં આવ્યા હતા. બંને ટાઈમ કથા શ્રવણ કરનાર ભક્તોને મહાપ્રસાદ પીરસાયો હતો. સંતોએ અલગ અલગ દિવસે યજમાનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી આદિ સંતોએ રૂડા આશીર્વાદ સાથે મંદિર તરફથી પહેરામણી કરવામાં આવી હતી. યજમાન ગામ બળદિયાના પ.ભ.કાનજીભાઈ લાલજી ગાજપરીયા, ધ.પ.રાધાબાઈ સપરિવાર રહ્યાં હતાં. આ કથાનું આયોજન અ.નિ.પિતાશ્રી લાલજીભાઈ વિશ્રામ ગાજપરીયા, અ.નિ.માતૃશ્રી ધનબાઈ તેમજ સસરા લાલજીભાઈ રતના જેશાણી, અ.નિ.સાસુમાં સુંદરબેનની પુણ્ય સ્મૃતિમાં કરવામાં આવ્યું હતું.

## રામનવમીના દિવસે ૧૨ કલાકની ધૂન

સંવત ૨૦૮૧ ચૈત્ર સુદ-૯ ના રોજ શ્રીરામ તેમજ શ્રીહરિ જયંતી હોવાથી પ્રસાદી મંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજના ચરણોમાં બેસી ૧૨ કલાકની "સ્વામિનારાયણ" મહામંત્રની ધૂનનું આયોજન કરાયું હતું. સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી તથા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી આદિ સંતોએ ધૂનનો પ્રારંભ કરાવ્યો હતો. આ ધૂનમાં સંતો સાથે માધાપર નવોવા-જુનોવાસ, હરિપર, મિરજાપર, ભુજ તથા કોડકી ગામના હરિભક્તો ભાઈઓ-બહેનો, સાં.યો. બહેનો સહભાગી થયા હતા. બપોરે ૧૨ કલાકે શ્રીરામ ભગવાનના જન્મોત્સવની આરતી કરવામાં આવી હતી. જન્મોત્સવ બાદ દરેક ભક્તોએ પંચામૃત પંચાજીરીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. ૧૧ તારીખે શ્રીઘનશ્યામ મહારાજની છઠ્ઠીનો ઉત્સવ કરવામાં આવ્યો હતો.

### પ્રસાદી મંદિરે શ્રીઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી મહોત્સવ - ભુજ

પ્રસાદી મંદિરમાં વિરાજતા શ્રીઘનશ્યામ મહારાજનો ૧૫ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાશે. દિનાંક ૧૪ થી ૧૮ મે ૨૦૨૫, વૈશાખ વદ ૨ થી ૬ દરમિયાન આ મહોત્સવ ઉજવાશે. આપ સૌ હરિભક્તોને પાંચ દિવસ સઘરી પધારવા આમંત્રણ પાઠવીએ છીએ.

અ - કોઠારી સ્વામી રામાનુજદાસજી - ૯૯૭૯૫૧૬૫૬૯

## શ્રીઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી મહોત્સવ ઉપક્રમે જરૂરિયાતમંદોને હાથલારીનું વિતરણ

દિનાંક ૧૭/૪/૨૦૨૫ ના રોજ આગામી દિવસોમાં ભુજ ખાતે પ્રસાદીના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા શ્રીઘનશ્યામ મહારાજના પંચદશાબ્દી મહોત્સવ ઉજવવાની તડામાર તૈયારીઓની શરૂઆત સેવા કાર્યથી કરવામાં આવેલ છે.



પ્રસાદી મંદિર દ્વારા બન્ની વિસ્તારના જરૂરિયાતમંદ ૧૫ પરિવારો જીવનમાં પગભર થઈ કમાણી કરી રોજી રોટી મેળવી શકે તેવા શુદ્ધ હેતુઓને નજર સમક્ષ રાખી કમાણીના સાધનરૂપે હાથલારી અર્પણ કરવામાં આવી હતી.

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી આદિક સંતોના તેમજ ગામ સુખપરના વરસાણી પરિવારના આર્થિક સહયોગથી આ કાર્ય કરવામાં આવ્યું હતું. આ સેવા સ્વીકારનાર કોળી પરિવારોને પૂજ્ય સંતોએ રૂડા આશીર્વાદ સાથે જીવનમાં બે પૈસાની બચત કરી સંતાનોને ભણાવજો અને વ્યસનોથી દૂર રહેવા ભલામણ કરી હતી.

અ - કોઠારી સ્વામી રામાનુજદાસજી

## અંજાર શ્રીઘનશ્યામ મહારાજના ૬૨મો તથા રાધાકૃષ્ણદેવનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો



અંજાર સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજનો ૬૨મો તથા રાધાકૃષ્ણદેવના પ્રથમ વાર્ષિક પાટોત્સવ નિમિત્તે પ્રથમ દિવસે સવારે ભગવાનના સાનિધ્યમાં પોથીનું પૂજન કરી પોથીયાત્રા નીકળી સભામંડપમાં આવી શાસ્ત્રનું પૂજન





કરવામાં આવ્યું, ત્યાર બાદ નારાયણ યજ્ઞ કરવામાં આવ્યો.

શ્રીમદ્ભાગવત અંતર્ગત દશમસ્કંધની સાંજે અને રાત્રે સભાનું આયોજન કરવામાં આવ્યું જેનો સત્સંગીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

પાટોત્સવના દિવસે સવારે યજમાનો દ્વારા પૂજન કરવામાં આવ્યું પછી અભિષેક અને ઠાકોરજી પાસે અન્નકૂટ ભરવામાં આવ્યો ત્યાર





પછી આરતી કરીને સભામંડપમાં કથાનું આયોજન થયું તેમાં અંજારના વડીલ સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજી અને મંડળધારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીના માર્ગદર્શન હેઠળ થયું હતું તેમા ભુજ મંદિરના ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજીભગત, સ.ગુ.પુ.સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ.પુ.બાલકૃષ્ણદાસજી પધારીને આશિર્વાદ પાઠવ્યા હતા.

કથાના વક્તા પુરાણી સ્વામી





નારાયણપ્રિયદાસજી તથા પુરાણી સ્વામી કૃષ્ણવિહારીદાસજી રહી સુમધુર શૈલીમાં કથા કરી યજમાનશ્રીઓ અને સભાજનોને ખુબ આનંદિત કર્યા હતા.

કોઠારી પુ. સ્વામી દેવસ્વરૂપદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજીએ સભા સંચાલન કર્યું હતું, સમગ્ર ઉત્સવના યજમાન અ.નિ. ઈચ્છારામ શુકલ તથા ઈશ્વરલાલ શંકરલાલ પાંડયાના શિષ્ય અ.નિ.પ્રભુલાલ મનજીભાઈ ચૌહાણ પરિવાર અમદાવાદના રહ્યા હતા.

આ પ્રસંગે તા.૩૧-૩ થી ૨-૪ દરમિયાન ત્રણ દિવસ કથા યોજાયેલ દરરોજ વિવિધ પ્રસાદનો સર્વે એ લાભ લીધો હતો.

## અંજાર મંદિરે શ્રીરામનવમી સહ શ્રીહરિજયંતી ઉત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો

તા. ૬.૪. ચૈત્ર સુદ ૯ના સવારે ઠાકોરજીનો વિધી પૂર્વક શંખ ધારા અભિષેક પૂજન અને રાત્રે ધૂન અને મહાઆરતી સાથે પુષ્પ વૃષ્ટિનું આયોજન સફળતાથી પાર પાળેલ તથા શ્રીરામનવમી સહ શ્રીહરિજયંતીનો પ્રસંગ ભવ્ય રીતે મંદિરમાં ઉજવેલ. સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજીએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે “ આજે પ્રભુ રામજી તથા ઘનશ્યામ મહારાજનો જન્મ દિવસ છે, તો આજે પ્રભુના દર્શન કરજો તથા પ્રભુને ઓળખજો” તેવી મીઠી ટકોર કરેલ. અંતે બધા પંચામૃત તથા પંચાજીરીનો પ્રસાદ લઈને છુટા પડેલ.

-અહેવાલ: મેહુલભાઈ ઠક્કર અંજાર

# માંડવીમાં રજત જયંતી મંગળકારી શ્રીઘનશ્યામ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના મહંત સદ્ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવીમાં મંગલકારી શ્રીઘનશ્યામ મહોત્સવનું દિનાંક ૧૦ થી ૧૬ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન ભવ્યાતિભવ્યતાથી આયોજન કરવામાં આવ્યું.

માંડવીમાં નૂતન મંદિરનું નિર્માણ થયું અને શ્રીવૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજનાં નૂતન મંદિરમાં પધરામણાં થયાં તેને ૨૬ વર્ષ અને બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી તેને આ વર્ષે ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતી-મંગલકારી શ્રીઘનશ્યામ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

આ મહોત્સવનો વિજયધ્વજારોહણ દિનાંક ૧૦/૩/૨૦૨૫ એકાદશીના રોજ કરવામાં આવ્યો. આજથી માંડી માંડવી ચારેકાંધાના હરિભક્તો બહેનો, ભાઇઓ તથા સાં.યો. બહેનો દ્વારા સંતોના માર્ગદર્શન મુજબ ઉત્સવની તડામાર તૈયારીઓ ચાલું થઇ ગઇ હતી. પૂજ્ય સંતો દ્વારા સ્વયં સેવકો તેમજ અન્ય દરેક વિભાગના સેવાકાર્યની સોપણી કરવામાં આવી હતી. જેમા ભોજનાલય, સભામંડપ, વિષ્ણુયાગ, પાણી અને વિદ્યુત વિભાગ વગેરે ૨૨ જેટલી સમિતિઓની રચના કરવામાં આવી હતી.આ ઉત્સવમાં દેશ વિદેશથી દૈનિક પચીસ હજાર હરિભક્તો પધારશે એવી ધારણાથી ભક્તો આરામથી બેસી શકે એટલો વિશાળ સભામંડળ તૈયાર કરવામાં આવ્યો હતો.

૯ તારીખે સાંજે મંદિરેથી ભવ્ય પોથીયાત્રા સભાખંડમાં પધારી હતી.

સાત દિવસ ચાલનાર આ મહોત્સવના વક્તા પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજી, પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજી તથા પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજી કથાનું રસપાન કરાવ્યું હતું.

પ્રથમ દિવસે વહેલી સવારે બસોથી વધારે યજમાનશ્રીઓએ કળશ સ્થાપનવિધિ અને શાસ્ત્રપૂજનમાં લાભ લીધો હતો. માંડવી મંદિરના ગોરશ્રી કિરણ મહારાજે શાસ્ત્રોક્તવિધિથી પૂજન કરાવ્યું હતું.

પ્રથમ દિવસે મંગલકારી શ્રીઘનશ્યામ મહોત્સવનો શુભારંભ સવાસો સંતો તેમજ હજારો



હરિભક્તોની ઉપસ્થિતિમાં વિશાળ સભા મંડપ અને વિશાળ મંચ ઉપર ભુજ મંદિરના મહંત સદ્. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્. પુરાણી સ્વામી ભગવતજીવનદાસજી, સદ્. કોઠારી પાર્ષદ જાદવજી ભગત, માંડવી મંદિરના મહંત સદ્.પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સદ્. સ્વામી મહાપુરુષદાસજી, અંજારથી પધારેલ સદ્. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સદ્. સ્વામી દેવપ્રકાશદાસજી, પુરાણી સ્વામી મુક્તવલ્લભ દાસજી, પુરાણી સ્વામી ધર્મચરણદાસજી વગેરે સંતો તેમજ મહોત્સવના મુખ્ય યજમાનો પ.ભ. શ્રીહરજીભાઈ ગાંગજી વેકરીયા માંડવી, પ.ભ. શ્રીમાવજીભાઈ લાલજી વેકરીયા માંડવી, પ.ભ. શ્રીચંદુલાલભાઈ કુંવરજી તથા પ.ભ. શ્રીસુરેશભાઈ રાબડીયા લંડન તેમજ માંડવી સત્સંગવતી કોઠારી પ.ભ. શ્રીઅરજણભાઇ રવજી હાલાઇ રહ્યા હતા. દીપ પ્રાગટ્ય બાદ મહોત્સવનો શુભારંભ કરાવામાં આવ્યો હતો.

દીપ પ્રાગટ્ય બાદ ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામીશ્રી તેમજ અંજાર મંદિરના સદ્, સ્વામી શ્રીહરિદાસજીએ ઉદ્‌બોદ્ધન કરતાં કહ્યું હતું કે આ મહોત્સવ ધાર્મિક - આધ્યાત્મિક અને સમાજીકનું કેન્દ્ર બનીને જન જન સુધી એકતા, શાન્તિ, સદ્ભાવ તેમજ સનાતન ધર્મને મજબૂત કરશે. ખાસ કરીને યુવાનોને વ્યસનમુકત અને સનાતનધર્મ યુકત જીવન જીવવાનો સંદેશો આ મહોત્સવ દ્વારા આપવામાં આવ્યો હતો.



આ મહોત્સવમાં સમગ્ર કચ્છ ભુજ ચોવિસી, વાગડ અબડાસાનાં સાં. યો. બહેનોના મહંત સાં. યો. સામબાઇ ફઇ તેમજ માંડવી બહેનોના મંદિરના મહંત સાં.યો. રતનબાઇ ફઇ, ઉપમહંત સા.યો. કાનબાઇ ફઇની સાથે મોટી સંખ્યામાં સમગ્ર કચ્છમાંથી પધારેલ સાંખ્યયોગી બહેનોની પાવન ઉપસ્થિતિ રહી હતી.

કથાના પ્રથમ દિવસે વક્તાપદે શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજી રહીને ભગવાન શ્રીસ્વામિનારાયણના દિવ્ય ચરિત્રોથી ભરપૂર સત્સંગિજીવન ગ્રન્થની કથા શ્રવણ કરાવી હતી. આ પ્રસંગે ગ્રન્થનું મહાત્મ્ય અને કથા શ્રવણથી મળતા સંસ્કારને આત્મસાત કરીને પોતાના જીવને ઉજ્વલ બનાવીએ એવો સંદેશો આપવામાં આવ્યો હતો. બીજા સત્રમાં શ્રી ઘનશ્યામ પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

આ ઉત્સવની અંતર્ગત અનેક પ્રકલ્પોનું આયોજન રાખવામાં આવ્યું છે. શ્રીમહાવિષ્ણુયાગ, સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રીસ્વામિનારાયણ આયુર્વેદિક ઔષધાલય ભુજ દ્વારા નિશુલ્ક આયુર્વેદિક કેમ્પનું પણ ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. દેશ વિદેશથી

હજારની સંખ્યામાં પધારેલ ભક્તો યજ્ઞમાં અને મેડિકલ કેમ્પમાં લાભ લીધો હતો. આ ઉત્સવ દરમિયાન સુરક્ષાની દ્રષ્ટિએ ભુજ મંદિર દ્વારા માંડવી મુંદ્રા વિસ્તારમાં ચાલતું ફરતું દવાખાનું એમની સેવા આ મહોત્સવમાં પ્રાથમિક સારવાર કેન્દ્ર તરીકે રાખવામાં આવ્યું હતું.

ઉત્સવના બીજા દિવસે પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજી કથા શ્રવણ કરાવ્યું હતું. પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, સ્વામી ધર્મચરણદાસજીએ આશીર્વાદ આપ્યા હતા.

ઉત્સવના ત્રીજા દિવસે સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ શ્રીહરિની માંડવી લીલાની કથા કહી હતી અને માંડવીમાં આજથી બસો બાવીસ વર્ષ







પૂર્વે ભગવાન શ્રીસ્વામિનારાયણ પધાર્યા હતા તે સમયે જેવી રીતે ભક્તોએ શ્રીહરિનો આગમનોત્સવ કર્યો હતો એવો જ આજે કથા દરમિયાન યજમાનો, યુવાનો, બાળકો પારંપરિક વેશભૂષામાં આગમનોત્સવ ઉજવ્યો હતો.

મહોત્સવના ચોથા દિવસના બીજા સત્રમાં ભગવાન શ્રીઘનશ્યામ મહારાજને નૂતન વાઘા અને નૂતન પાઘ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા ભુજ મંદિરના મહંત સદ્ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પાર્ષદ જાદવજી ભગતજી, ઉપમહંત સદ્. સ્વામી ભગવદ્જીવનદાસજી, માંડવી મંદિરના મહંત પુરાણી સ્વામી પુરષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી મહાપુરુષદાસજી અંજાર મંદિરના વડીલ સદ્. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી સદ્.

સ્વામી દેવકૃષ્ણદાસજી, ભુજ પ્રસાદી મંદિરના મહંત સદ્. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, ૮ મંડળના મંડળધારી સંતો

તેમજ ગાંધીધામ ગુરુકુળના સંચાલક પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી, કોઠારી સ્વામી સંતજીવન દાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી વગેરે સંતોના હસ્તે દાતાશ્રીઓની ઉપસ્થિતિમાં અર્પણ કરાયા હતા.

અતિ સુંદર કલાત્મક રીતે તૈયાર કરાયેલા નૂતન વાઘા શ્રીઘનશ્યામ મહારાજ ધારી દરેક ભક્તો ખૂબ ખુશ થયા હતા.



ઉત્સવના ચોથા દિવસે સવારે ભવ્ય નગર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નગરયાત્રામાં દસથી વધારે વાહનોને શણગારવામાં



આવ્યા હતાં. જેમાં વૃંદાવનવિહારી વહાણ, શ્રીઘનશ્યામ તોપ, ભગવાન શ્રીકૃષ્ણને પ્યારો મોરલો, ચાર માણકી ઘોડીવાળો વિશાળ રથ, પંદર અશ્વારો, કચ્છ ચોવીસીમાંથી પારંપરિક વેશભૂષામાં ચોવીશ વાજીન્ત્ર મંડળીઓ, ભુજ શ્રીસ્વામિનારાયણ કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓની બેનપાર્ટી, માંડવી પિયાવા શ્રીસ્વામિનારાયણ કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓએ લેઝીમ, માંડવીના બાલમંડળના વિદ્યાર્થીઓએ લેઝીમ સાથે ભાગ લીધો હતો. આ નગરયાત્રાને સફળ બનાવવા માટે ૩૦૦થી વધુ સ્વયં સેવકોએ વ્યવસ્થા સંભાળી હતી.

માંડવીના પ્રવેશ દ્વાર પાસે આવેલ દાદાની ડેરીથી આ નગરયાત્રાની શરૂઆત થઈ હતી. પદ્માવતી નદીના પુલ ઉપરથી થઈ શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થતી ઐતિહાસિક આઝાદ ચોકથી મંદિરના મુખ્ય માર્ગથી ચાલતી સભામંડપના સ્થળે વિરામ પામી હતી. આ નગર યાત્રામાં પરમ પૂજ્ય આચાર્ય મહારાજ તેમજ સદ્. સંતો વાહનો ઉપર બેસીને ભક્તોને દર્શન આપ્યાં હતાં.

આજના દિવસે પ. પૂ. આચાર્ય



મહારાજશ્રી તેમજ ભુજ મંદિરેથી સદ્. સ્વામી જગતપાવનદાસજી, સદ્. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, રાપર મંદિરેથી પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી વગેરે મોટી સંખ્યામાં સંતો અને હજારોની સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. વક્તા પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ ૨૨૨ વર્ષ પહેલાં માંડવીમાં પધારેલ ભગવાન શ્રીસ્વામિનારાયણના દિવ્ય ચરિત્રની કથા સંભળાવી હતી. મહોત્સવમાં નાના-મોટા દાતાઓનું આચાર્ય મહારાજશ્રી અને મહંત સ્વામીજીના હસ્તે પહેરામણી સાથે સન્માન કરાયું હતું. આજ રોજ સદ્. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા. સત્રના અંતમાં પૂજય આચાર્ય મહારાજશ્રીએ આશીર્વચન આપતાં કહ્યું હતું કે કચ્છના ભક્તોની ધર્મ, મંદિર સંત, ગાય અને સનાતન સંસ્કૃતિ પ્રત્યે અટૂટ ભાવના રહેલી છે અને પૂણ્યકર્મ માટે આપેલું વચન અવશ્ય પાળે છે.

બીજાં સત્રમાં પ. પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ અને લાલશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી પધારીને આશીર્વચન આપ્યા હતા.

બહેનો ભક્તોને પૂજ્યા મોટાં ગાદીવારાં તેમજ ગાદીવાળાશ્રી લાભ મળ્યો હતો.





આ પ્રસંગે વડતાલ ધામથી કોઠારી સદ્. સ્વામી દેવપ્રકાશદાસજી, ચેરમેન ડો.સદ્. સ્વામી સંતવલ્લદાસજી પધાર્યા હતા. તેમજ કર્ણાવતી, વડતાલ, ગઢપુર, જુનાગઢ વગેરે મંદિરથી મોટી સંખ્યામાં સંતો પધારી આશીર્વાદ આપ્યા હતા. કથાસત્રના અંતમાં માંડવી મંદિરના મહંત પુરાણી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ નૂતન મહાપુરુષદાસજી, ઉપમહંત સ. ગુ. સ્વામી ભગવદ્ જીવન દાસજી,સ. ગુ. સ્વામી

વાઘાના નિર્માણમાં યોગદાન આપનાર માડવીના મુખ્ય યજમાન પ.ભ. મહેશભાઈ હરજી વેકરીયા (સોની)ને આચાર્ય મહારાજશ્રી હસ્તે પ્રશસ્તિ પત્ર અર્પણ કરાયું હતું.



ઉત્સવ દરમિયાન બાળકો માટે શ્રીઘનશ્યામ બાળનગરી, તા. ૧૧ થી ૧૩ આયુર્વેદિક કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ રાખવામાં આવ્યો હતો. સાતે દિવસ માંડવી વિસ્તારમાં આવેલ ગૌશાળાઓમાં ગાયો માટે લીલા ઘાસચારાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉત્સવના પાંચમા દિવસે સવારે રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૬૦ બોટલ રક્ત એકત્ર થયું હતું. સંતો તથા સાંખ્યયોગી બહેનોએ રક્તદાન કર્યું હતું. તેની સાથે શ્રીસ્વામિનારાયણ આયુર્વેદિક કેમ્પનું ત્રણ દિવસ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. આ બન્ને કેમ્પોનું સંચાલન ડો. સ્વામી સત્યપ્રસાદદાસજીએ કર્યું હતું.

છઠ્ઠા દિવસે વહેલી સવારે ૬ વાગ્યે વૈદિકમંત્રો સાથે પૂજન અને પંચામૃતથી ભગવાન




શ્રીઘનશ્યામ મહારાજનો તથા ભગવાન શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજનો પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ અને સંતોના હસ્તે પંચામૃત અને કેશળજળથી અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૯ વાગ્યે છપ્પન ભોગનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો અને શ્રી ઘનશ્યામ મહારાજના ૨૫મા પાટોત્સવની આરતી કરવામાં આવી હતી.

આજના બીજા સત્રમાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની પાવન ઉપસ્થિત રહી હતી. આ પ્રસંગે સારંગપુર મંદિરના કોઠારી જુનાગઢ મંદિર ચેરમેન આદી સંતો પધાર્યા હતા. શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા.

આ પ્રસંગે માંડવી વિસ્તારના ધારાસભ્ય શ્રીઅનિરુદ્ધભાઈ દવે તેમજ અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહી મહોત્સની સુંદર વ્યવસ્થાને બીરદાવી હતી. મંદિર તરફથી આવકાર આપવામાં આવ્યો હતો. ભુજ મંદિરના મુખ્ય કોઠારી પ.ભ. મૂળજીભાઈ શીયાણી ઉપકોઠારી પ.ભ.



જાદવજીભાઈ ગોરસીયા. સલાહકાર પ.ભ. રામજીભાઈ વેકરીયા આદિ સમગ્ર ટ્રસ્ટી મંડળ ઉપસ્થિત રહ્યું હતું.

માંડવી વિસ્તારના કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક યુવતી મંડળના સંચાલકો, સંયોજકો તેમજ ચારે કાંધાના યુવાનો યુવતીઓ ઉત્સવને સફળ બનાવવા માટે ખૂબજ મહેનત કરી શ્રી ઘનશ્યામ મહારાજનો રાજીપો લીધો હતો.

આ મહોત્સવનું સમગ્ર લાઈવ પ્રસારણ ભુજ મંદિરની યુટ્યુબ ચેનલ ઉપર કરવામાં આવ્યું હતું.

હજારોની સંખ્યામાં હરિભક્તો માટે વિશાળ રસોડાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથો સાથ વિશાળ ભોજનાલયમાં વિવિધ ખંડો પણ તૈયાર કરવામાં આવ્યા હતા. જેની વ્યવસ્થા પુરાણી સ્વામી કૃષ્ણવિહારીદાસજી તથા ૬૦૦થી વધારે માંડવી ચારેકાંધાના હરિભક્તો જ ભાઈઓ અને બહેનો સ્વયંસેવકો સંભાળી હતી. મહોત્સવનું સંચાલક શાસ્ત્રી સ્વામી સુખદેવસ્વરૂપદાસજી તેમજ પુરાણી સ્વામી હરિકૃષ્ણ દાસજી સંભાળ્યું હતું.

ભુજ મંદિરના મહંત સદ્. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્. સ્વામી ભગવતજીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, માંડવી મંદિરના મહંત સદ્. પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપ દાસજી, સદ્. પુરાણી સ્વામી મહાપુરુષદાસજી કોઠીરી સ્વામી સંતજીવનદાસજી, શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી આદિક વડીલ સંતોની પ્રેરણા અને માર્ગદર્શનથી મહોત્સવ રંગેલચંગેલ ઉજવવામાં આવ્યો. મહોત્સવને સફળ બનાવવા માટે દેશ વિદેશથી મોટી સંખ્યામાં હરિભક્તો પહેલેથી જ સેવામાં આવી ગયા હતા.

ગામ નાગલપુરના હલે લંડન હેરો શ્રીસ્વામિનારાયણ મંદિરના પ્રમુખ શ્રી સુરેશભાઇ રાબડીયાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે અમોએ ધાર્યા કરતાં સવાયો આ મહોત્સવ ઉજવાયો છે. નિર્વિઘ્નપણે પૂર્ણ થયો તેનો સૌ કોઇને આનંદ છે.

મહોત્સવના અંતિમ દિવસે માંડવી મંદિરના મહંત સ્વામીએ તમામ સમિતિના સ્વયં સેવકોનો સન્માન સાથે આભાર વ્યક્ત કર્યો હતો.

અ. ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી- માંડવી

# શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના આંગણે ૪૦૧ પોથી સમૂહ શ્રીમદ્‌ભાગવત સપ્તાહ પારાયણ અને નારાયણ યજ્ઞનું ભવ્ય આયોજન કરાયું

ભુજ મંદિરના મહંત સ્વામી આદિ વડીલ સંતોની આજ્ઞા સહ આશીર્વાદથી સર્વે પ્રિયજન પિતૃઓના મોક્ષાર્થે તથા ગૌ માતાના લાભાર્થે તા.૨૯/૩/૨૦૨૫ થી તા.૪/૪/૨૦૨૫ સુધી ૪૦૧ પોથી સમૂહ શ્રીમદ્‌ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય યજમાન ગામ સુખપર રોહાના પ.ભ.અ.નિ.રવજીભાઈ લાલજી પિંડોરીયા, ધ.પ.અ.નિ.માનબાઈ, સુપુત્ર નારાણભાઈ ભીમજી પિંડોરીયા, ધ.પ.કાન્તાબેન(હા-લંડન), પ્રેમજીભાઈ રવજી પિંડોરીયા, ધ.પ.નિર્મળાબેન(હા-ટાન્ઝાનિયા), જેન્તીભાઈ રવજી પિંડોરીયા, ધ.પ.વનિતાબેન(હા-ટાન્ઝાનિયા), પૌત્ર ભાવેશભાઈ નારાણ, ધ.પ.નિતાબેન, પુનિતભાઈ નારાણ, ધ.પ.હિરલબેન, અંકુશભાઈ પ્રેમજી, ધ.પ.રીકિતાબેન, પૌત્રી પૂજાબેન ભાવિક, જમાઈ ભાવિકભાઈ સુરેશ, પ્રિયંકાબેન નિમેશ, જમાઈ નિમેશભાઈ રાજેશ, જાન્હવીબેન જેન્તીભાઈ, પ્રિયાબેન પ્રેમજીભાઈ, પરપૌત્ર ખુશ ભાવેશ, પરપૌત્રી દેવહુતિ પુનિત, હેલી ભાવેશ, પરદોહિત્રી વિહાના ભાવિક સપરિવાર રહ્યા હતા.

સહ યજમાન ગામ વેકરાના પ.ભ.અ.નિ.પિતાશ્રી લાલજીભાઈ કરસન ભંડેરી, અ.નિ.માતૃશ્રી ધનબાઈ, સુપુત્ર કાન્તીભાઈ, ધ.પ.તેજુબેન, પૌત્ર ધીરેનભાઈ, દીકરી રતનબેન ગોપાલ વેકરીયા, જમાઈ ગોપાલભાઈ લાલજી, માનબાઈ શીવજી શીયાણી જમાઈ શીવજીભાઈ કરસન, મંજુબેન લાલજી ભંડેરી, શાંતાબેન પ્રવિણ વેકરીયા, જમાઈ પ્રવિણભાઈ સામજી, પૌત્રી શિલ્પાબેન ચેતન રાબડીયા, જમાઈ ચેતનભાઈ, દોહિત્રી વિરાબેન, સાચીબેન, દીકરી રીનાબેન



સુનિલભાઈ જમાઈ સુનિલ છોટુભાઈ પટેલ, ધુહીબેન સુનિલ પટેલ સપરિવાર રહ્યા હતા.

તા.૨૮/૩/૨૦૨૫ ના બપોરે ૩-૩૦ કલાકે પ્રસાદી મંદિરે મહંત સ્વામી આદિ વડીલ સંતો દ્વારા સમૂહ પોથી પૂજન બાદ પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય યજમાન



તથા દરેક પોથી યજમાનશ્રીઓએ મસ્તકે પોથી ધારણ કરી પોથીયાત્રામાં સપરિવાર જોડાયા હતા.

તા.૨૯/૩/૨૦૨૫ ના રોજ ભુજ મંદિરના મહંત સ્વામી આદિ વડીલ સંતો તથા યજમાનશ્રીઓના વરદ્હસ્તે દીપ પ્રાગટ્ય કરી કથાનો શુભારંભ થયો હતો. કથાના વક્તા શાસ્ત્રી સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી શૌનકમુનિદાસજી અને સાંગીતાકાર સ્વામી નિર્ભયચરણદાસજી તથા સ્વામી ભજનપ્રકાશદાસજી રહ્યા હતા. અને સભા સંચાલક શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી તથા શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી રહ્યા હતા.

કથા અંતર્ગત તા.૩૧/૩/૨૫ ના સવારે શ્રીહનુમાનજી મહારાજનો અભિષેક, પુષ્પવૃષ્ટિ તથા અન્નકૂટ ઉત્સવ તથા બપોરપછીના સત્રમાં શ્રીરામ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો.











આવી હતી. અને તા.૫/૪/૨૫ ના સવારે ૬-૩૦ કલાકે શ્રીનારાયણ યજ્ઞની શરૂઆત થઈ હતી જે ૧૦-૩૦ કલાકે પ.પૂ.મહંત સ્વામી આદિ વડીલ સંતોના હસ્તે નારિયેળ હોમ કરી યજ્ઞની સમાપ્તિ કરવામાં આવી હતી.

આ મહોત્સવમાં ૫૧ ભૂદેવો અને ૧૦૧ સાં.યો. બહેનો દ્વારા શ્રીમદ્ભાગવત મહાપુરાણનું મૌન વાંચન કરવામાં આવ્યું હતું. અને તા.૧/૪/૨૫ ના શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો. તા.૨/૪/૨૫ ના ગોવર્ધન ઉત્સવ ઉજવાયો હતો. તા.૩/૪/૨૫ ના પ.પૂ.ધ.ધૂ.આચાર્ય મહારાજશ્રીનું આગમન તથા રૂક્ષ્મિણી વિવાહ ઉત્સવ ઉજવાયો હતો. તા.૪/૪/૨૫ ના સાંજે મહાઆરતી સાથે કથાની પૂર્ણાહુતિ કરવામાં



કચ્છ પ્રદેશના ચોવિસી, વાગડ, અબડાસા વિસ્તારમાંથી સાં.યો.બહેનો પધારી દર્શનનો



લાભ આપ્યો હતો. તથા માંડવી, અંજાર, રાપર, પ્રસાદી મંદિર તથા મંદિર સંચાલિત ગુરુકુળોમાંથી સંતો પધારી દર્શન તથા આશીર્વાદનો લાભ આપ્યો હતો. કથાના અંતિમ દિવસે ભુજ મંદિરના મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોએ દરેક યજમાનશ્રીઓને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.







## સંસ્કાર પર્વ નિમિત્તે ટી-શર્ટનું વિતરણ

તીર્થધામ માતૃસંસ્થા શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ હેઠળ પ્રેરણામૂર્તિ અ.નિ. સદ્. મહંત પુરાણી સ્વામી હરિસ્વરુપદાસજીના કરકમળો દ્વારા સ્થાપિત અને વાત્સલ્યમૂર્તિ અ.નિ. સદ્.પુરાણી સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા અ.નિ. સદ્. સ્વામી ધર્મપ્રસાદજીની અમીદ્રષ્ટીથી



એવમ્ કરુણામૂર્તિ અ.નિ. સદ્. પુરાણી સ્વામી નારાયણસેવકદાસજીની દિવ્યદ્રષ્ટિથી કાર્યરત શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી, રામપર-વેકરા આગામી દિ. ૦૧-૦૧-૨૦૨૬ થી દિ. ૦૫-૦૧-૨૦૨૬ દરમિયાન સંસ્કાર પર્વના નામ શીર્ષક સાથે પંચદિનાત્મક ન ભૂતો મહોત્સવનું આયોજન કરવા જઈ રહ્યું છે. આ ૨૫ વર્ષની શિક્ષણયાત્રામાં વિદ્યાર્થીનો વિદ્યા, વિનય અને સંસ્કાર સાથે જીવનલક્ષી ઘડતર પ્રધાન સંકલ્પ રહ્યો છે અને રહેશે.

ધર્મનંદનદાસજીની આજ્ઞાથી પૂ.સ્વામીના સંકલ્પને સાકાર કરવા એમના શિષ્ય અને તપોવનધામના પૂર્વ છાત્ર સ્વામી દિવ્યપ્રસાદદાસજીએ સંપૂર્ણ જહેમત ઉઠાવેલ છે. સંસ્કાર પર્વ પૂર્વે જ વડીલ સંતોના હૃદયમાં પ્રસન્નતાનો થનગનાટ જ આ મહોત્સવને ન ભૂતો પુરવાર કરશે એવી શ્રદ્ધા સંસ્થાના વર્તમાન સંચાલકશ્રી શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ જણાવ્યું હતું. બાલભક્તોને ટી-શર્ટની ભેટ આપી ખુશખુશાલ કરવા બદલ શ્રીઘનશ્યામ બાલમંડળના સંચાલક સંતો અને દરેક



ગામના બાલમંડળના સંચાલકો એ ધન્યવાદની લાગણી વ્યક્ત કરેલ છે.

અહેવાલ નયનકુમાર હ.ચાવડા

તપોવનધામની પ્રારંભથી વર્તમાનની વિકાસયાત્રામાં પાયાના પત્થર સમા વડીલ સંત સદ્. પુરાણી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીના હૃદયમાં ઉત્તમ સંકલ્પ થયો કે, સંસ્કાર પર્વના ઉપલક્ષ્યમાં ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર હેઠળ કાર્યરત શ્રીઘનશ્યામ બાલમંડળના બાલભક્તોને પ્રસન્નતા અને સ્મૃતિરૂપ ટી-શર્ટનું વિતરણ કરવુ છે. મહંત સદ્.પુરાણી સ્વામી



# વિદ્વાન વૈજ્ઞાનિક ડો.એસ.કે.ત્યાગીની તપોવનધામ ખાતે વિશેષ મુલાકાત...

શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી, રામપર-વેકરા ખાતે આઈ.સી.એ.આર. લુધિયાણા (પંજાબ)ના પ્રિન્સીપાલ વિદ્વાન વૈજ્ઞાનિક ડો.એસ.કે.ત્યાગીની તપોવનધામ ખાતે વિશેષ મુલાકાત હેતુ દિ.૨૦-૦૪-૨૦૨૫, રવિવારના આવેલ હતા. અતિથિ સત્કાર બાદ પોસ્ટહાર્વેસ્ટ મેનેજમેન્ટને લગતા બેચલર અને ડિપ્લોમા કોર્સના અભ્યાસક્રમ બાબતે સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી સાથે વાર્તાલાપ કરેલ. કચ્છને શા માટે વેલ્યુ એડિસનની જરૂર છે? કચ્છ પ્રદેશ તેમાં પણ ખાસ કરીને ભુજ વિસ્તારની જમીનની વિસ્તૃત માહિતી, ગાયમાં આવતા વિવિધ જંતુઓની દવાઓ તથા કચ્છના પાણીને કેમ સ્વચ્છ બનાવી શકીએ? જેવા અતિ મહત્વના વિષયો પર ગોષ્ઠી થઇ હતી. આ સંવાદમાં સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, સ્વામી શ્યામચરણદાસજી, કચ્છ યુનિવર્સિટીના એસો. પ્રોફેસર ડો. રામભાઈ, તપોવનધામ રામપર-વેકરા સંચાલિત કચ્છ ઈન્સ્ટીટ્યૂટ ઓફ વોકેશનલ સ્ટડીઝના પ્રાચાર્ય પ્રકાશભાઈ કેરાઈ, નિયામક નયનભાઈ ચાવડા આદિ સંસ્થા સંવાહકો ઉપસ્થિત રહ્યા હતા.



અહેવાલ ગજ્જ પ્રોગ્રામ ઓફિસર, મયૂરસિંહ સોલંકી

# રાજ્યકક્ષાએ રગ્બીમાં ગોલ્ડ મેડલ મેળવતી શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર-ભુજ(કચ્છ)ની વિદ્યાર્થીનીઓ

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા રાજ્યકક્ષાની રગ્બીની ગેમ ઓપન વિભાગની સ્પર્ધાનું આયોજન તા.૨,૩, એપ્રિલના ગાંધીનગર મુકામે કરાયું હતું. જેમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ભુજની દીકરીઓ ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે.

જિલ્લામાં ચેમ્પિયન થઇ રાજ્યકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવી કચ્છ જિલ્લા ને સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે.




દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ, સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાંખ્યયોગી બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થા પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, કોચ રશ્મિતાબેન સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## માંડવીમાં શ્રીહરિએ પક્ષીઓને સમાધિ કરાવી

લેખક :- સાધુ સંતસ્વરૂપદાસ

બાળમિત્રો! જય શ્રીસ્વામિનારાયણ, એક દિવસ ભગવાન શ્રીહરિ માંડવીમાં ખૈયા ખત્રીના કારખાનામાં બિરાજમાન હતા. ત્યાં કારખાનામાં કામ કરતા દશ-બાર માણસો આવીને બેઠા. ત્યારે ખૈયા ભગતે શ્રીહરિને કહ્યું : "મહારાજ ! આ માણસો બેઠા છે, તેના પર કૃપા કરીને આપ કાંઈક પરચો આપો તો આપને ઓળખે !" તે સમયે ત્યાં બાજુમાં કોઈકે ઘંઉ-બાજરીના દાણા નાખેલા હતા. તે ચકલાં, કબૂતર આદિ પક્ષીઓ ચણતાં હતાં. આશરે પચાસેક જેટલાં તે પક્ષીઓ હતાં. તે પક્ષીઓ ઉપર ભગવાન શ્રીહરિએ કૃપા દૃષ્ટિ કરી તેનાં નાડીપ્રાણ તાણી લીધાં તેથી તત્કાળ સર્વે પક્ષીઓને સમાધિ થઈ ગઈ. પછી શ્રીહરિએ તે લોકોને કહ્યું : "આ પક્ષીઓને એક ટોપલામાં ભરીને આહીં લાવો." ટોપલો ભરીને લઈ આવ્યા. અને પછી તે માણસોએ તે પક્ષીઓને હાથમાં લઈને ફેરવે ને જુએ કે પક્ષીઓને શું થયું હશે !

થોડી વાર પછી શ્રીહરિ તે લોકોને કહ્યું : "હવે પક્ષીઓને ટોપલામાં ભરી પાછા હતાં ત્યાં મૂકી આવો. ભક્તોએ તે પ્રમાણે કર્યું. પછી શ્રીહરિએ તે પક્ષીઓ સામે દિવ્ય દૃષ્ટી કરીને જોયું, એટલે ચકલાં સર્વે જેમ પ્રથમ ચણતાં હતાં તેમ ચણવા મંડી ગયા. આવો ચમત્કાર જોઈ ત્યાં આવેલાં લોકો કહેવા લાગ્યા : "આવી રીતે જીવપ્રાણીઓનાં નાડીપ્રાણ તાણીને સમાધિ કરાવીને પાછાં દેહમાં લાવવાં, તે મોટા મોટા દેવતાઓથી પણ ન થાય. માટે સ્વામિનારાયણ ભગવાન તો ખરા. આપણે પરચો માગ્યો તે આપ્યો." એમ કહી સર્વે તે માણસોએ ભગવાન શ્રીહરિનો નિશ્ચય કરી, પગે લાગી ત્યાંથી પોતાને ઘેર ગયા.

વળી બીજે દિવસે પણ શ્રીહરિ ખૈયા ભકતના કારખાનામાં પધાર્યા. પાટ ઉપર બિરાજમાન થયા. ત્યાં ગઢશીશાના ગરાસિયા મોડજી આવી પગે લાગીને બેઠા. સભામાં બીજા પણ ભક્તો બેઠા હતા. ત્યારે ખૈયા ખત્રીએ ફરી એજ વાત કરી કે : “હે મહારાજ ! આ મોડજી પધાર્યા છે એમને કોઇ પરચો આપો તો ઠીક પડે.” ત્યારે ગરાસિયા મોડજીએ કહ્યું : “ખૈયા ભગત ! મોટા પુરુષો પાસે તો જીવનું કલ્યાણ કેમ થાય તેવું પૂછાય, પણ બીજી વાત ન કરાય.” ખૈયા ભગતે તેમની વાત ન માની અને શ્રીહરિને ફરી પરચાની વાત કરી. ત્યારે શ્રીહરિ ગત દીનની માફક પક્ષીઓ ચણતાં હતાં તેને સમાધિ કરાવી. પછી શ્રીહરિ તેના સામે દૃષ્ટિ કરી તે પારેવાં પાછાં ઊઠીને ચણ ચણવા મંડી પડ્યાં.

આ જોઇ ગરાસિયા મોડજી કહે : “આવું કામ મનુષ્યથી ન થાય. આ સ્વામિનારાયણ તો પ્રગટ શ્રી પુરુષોત્તમનારાયણ છે. તે કાને વાત સાંભળી હતી તે વાતને કોઇક લોકો ખોટી કહે છે, પણ આ તો આંખે દેખીએ છીએ. માટે ખોટી કેમ કહેવાય !” ત્યાં બેઠેલા અન્ય મનુષ્યો પણ કહેવા લાગ્યા : “હા ભાઈ ! સ્વામિનારાયણ તો સાક્ષાત્ ભગવાન જ છે.”

પછી શ્રીહરિ ખૈયાના કારખાનેથી લક્ષ્મીનારાયણ મંદિરમાં દર્શન કરવા પધાર્યા. ત્યાં અનેક માણસો દર્શન કરવા આવ્યા હતા. તે સર્વે મનુષ્યોને ભગવાન શ્રીહરિની મૂર્તિમાં લક્ષ્મીનારાયણનાં દર્શન થયાં. આવો ચમત્કાર જોઇને ઘણા દૈવીજન હતા. તે શ્રીહરિના આશ્રિત થયા. દર્શન કરી શ્રીહરિ તળાવને કાઠે વાવમાં સ્નાન કરીને ખૈયા ભગતને કારખાને પધાર્યા. આવી રીતે લીલા ચરિત્ર કરતા થકા શ્રીહરિ માંડવીમાં બે મહિના સુધી રહ્યા હતા.

## વેકેશન એટલે....?
## નવરાશની પળોમાં સમયનો સદ્ઉપયોગ કરી રચનાત્મક પ્રવૃત્તિ કરવાનો અવસરહા..શ !

પરીક્ષા સમાપ્ત થઈને શાળામાં પડયું વેકેશન ! હવે તો રમવું, ફરવું, ખાવું-પીવું ને ટીવી જોવી, વિડીયો ગેમ રમવી એમ જ ને ! ના, ના, ના, બાળમિત્ર, જો વેકેશનની છુટ્ટીમાં હરવું, ફરવું, ખાવું-પીવું ને રમવું એ જ વેકેશન માનતા હોઈએ તો એ આપણી ભૂલ છે.

કારણ.. કે વેકેશન એટલે તો નવું શીખવું, ઘણું જાણવું ને કશુંક કરી બતાવવું ! એ જ વેકેશનની સફળતા છે.

બાળમિત્રો, વેકેશન છે, ભણવાનો બોજો નથી, કોઈ ટેન્શન નથી, સમય જ સમય છે. હજી શીખવાનું, જાણવાનું, માણવાનું, સમજવાનું ઘણું છે. તો વેકેશનમાં કંઈક શિખવાનો સંકલ્પ કરીએ. તો, આવો જાણી લઈએ કે આપણા લાં..બા.. વેકેશનમાં આપણે શું કરી શકીશું ?...

તો પહેલા તમે તમને તપાસો કે તમને શેમાં રસ છે ? સંગીતમાં, વાંચનમાં, નૃત્યમાં, ચિત્રકલામાં, રમતગમતમાં કે પછી અવનવી વસ્તુઓ બનાવવામાં.

બાળમિત્રો, તમે તમારા વડીલોના માર્ગદર્શન પ્રમાણે વિવિધ તાલીમ વર્ગોમાં જોડાઈને તમારા કૌશલ્યને વિકસાવી શકો છો.

વિશેષમાં આ વર્ષે શ્રી ઘનશ્યામ બાલ મંડળના બાળકો માટે ત્રીદિવસીય બાલમંચ (બાલ શિબિર) નું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં સંતો દ્વારા પ્રેઝેન્ટેશનના માધ્યથી કથા-વાર્તા, ગેમ, રમતગમ્મત જેવા અનેક કાર્યક્રમો હશે. આ વર્ષે શિક્ષાપત્રીના માધ્યથી મારી વાણી મારું સ્વરૂપ એ વિષય પર શિક્ષણ પાપ્ત કરીશું.

સમય છે તા. ૨૫ થી ૨૭ મે ૨૦૨૫ માટે જલદીથી ફોર્મ ભરી ભુજ યવક મંડળ કાર્યલયમાં જમાં કરાવી દેજો. ફોર્મ વિના પ્રવેશ નહિ મળે.

બાલમંડળમાં આવતાં બાળકો માટે આ વેકેશન મહત્વપૂર્ણ બનવું જોઈએ. વેકેશનની મોજમાં આપણું બાલમંડળ ભુલાઈ ન જાય તે ધ્યાન રાખજો... અવશ્ય બાલમંચમાં પધારજો. જય શ્રી સ્વામિનારાયણ

# -: જ્ઞાન સરિતા :-

## -: જ્ઞાનમાળા :-

૧. સત્સંગીએ કયા ધર્મનો ત્યાં ન કરવો જોઈએ?

(અ) પરધર્મ (બ) કલ્પિત ધર્મ

(ક) વર્ણાશ્રધર્મ (ડ) પાખંડ ધર્મ

૨. સત્સંગીએ કયા ધર્મનું આચરણ ન કરવું ?

(અ) વર્ણાશ્રધર્મ (બ) પાખંડ ધર્મ

(ક) પરધર્મ (ડ) કલ્પિત ધર્મ

૩. શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ અને પોતાના ધર્મ થકી પડી જવાય તેના મુખ થકી શું ન સાંભળવું ?

(અ) ભગવાનની કથા-વાર્તા

(બ) ગ્રામ્યવાર્તા

(ક) વચનામૃત કથા

(ડ) ન્યુઝ-મડીયાની વાર્તા

૪. પોતાનો તથા પરકાનો દ્રોહ થાય તેવું શું ન બોલવું ?

(અ) દુઃખદ વચન (બ) પ્રીય વચન

(ક) સુખદ વચન (ડ) સત્ય વચન

૫. કેવા માણસના સંગનો ત્યાગ કરવો ?

(અ) પરાવલંબી (બ) રોગી

(ક) કૃતઘ્ની (ક) સ્વાર્થી

૬. વ્યવહારકાર્યને વિષે શું ન લેવું ?

(અ) ફળ (બ) લાંચ

(ક) માંસ (ડ) શરત

૭. ચોરી, પાપી, વ્યસની, પાખંડી, કામી અને કીમિયા છ જણનું શું ન કરવો ?

(અ) વિશ્વાસ (બ) પાળ

(ક) સંગ (ડ) મિત્રતા

૮. માણસ કોનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ વિષે લોલુપથકા પાપને વિષ પ્રવર્તે છે?

(અ) ભક્તિ-જ્ઞાન (બ) ધર્મ-પૂજા

(ક) ધર્મ-ભક્તિ (ડ) દયા-સ્નેહ

૯. જે મનુષ્ય ભક્તિ તથા જ્ઞાનનું અલંબન કરીને અતિશય પાપને વિષે પ્રવર્તે તેનું શું ન કરવું ?

(અ) સ્પર્શ (બ) સમાગમ

(ક) દર્શન (ડ) પ્રસાદ ન લેવો

૧૦. કોનું તથા કોના અવતારનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય તેવા શાસ્ત્ર ન માનવા કે ન સંભળવા ?

(અ) ભક્ત હનુમાન

(બ) વરાહ ભગવાન

(ક) ભક્ત સુદામા

(ડ) શ્રી કૃષ્ણ ભગવાન

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઇ ઝીણાભાઇ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઇ, સુત ભીમજીભાઇ ધ.પ.ધનબાઇ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૫૧- મનસ્વી,મોક્ષવી નામકરણ નિમિત્તે હસ્તે રતીલાલ ધનજી રાબડીયા - બળદિયા

૫૦૦- વાલજી નારાણ ભુડિયા શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - વાડાસર

૨૦૧- અ.નિ.પ્રેમજી ભીમજી મનજી સામત્રાઇ, અ.નિ.વાલબાઇ પ્રેમજી, હસ્તે ગોવિંદ પ્રેમજી વરસાણી સમુહ ભાગવત નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર

૨૦૧- રમેશભાઇ પોપટલાલ ચૌહાણ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - કુંભારીયા હાલે-પુના (મહારાષ્ટ્ર)

૨૫૦- રામજી વાલજી જેશાણી ધ.પ.અ.નિ.માનબાઇ, શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૧૦૦૦- ક્રીશ ભરત મેપાણી તથા રયન ભરત મેપાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - સુખપુર હાલે લંડન

૧૦૦૦- વિરજી ધનજી ગામી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ગામ કેરા હાલે લંડન

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ



પ.પૂ. મહંત સદ્. સ્વામી ધર્મનંદનદાસજી

# શ્રી સ્વામિનારાયણ મંદિર
# નારાયણ સરોવર મધ્યે



# મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

**પ્રારંભ : તા. ૧૦-૦૮-૨૦૨૫, રવિવાર**

**મૂર્તિ પ્રતિષ્ઠાઃ તા. ૧૪-૦૮-૨૦૨૫, ગુરૂવાર**

**પૂર્ણાહુતિઃ તા. ૧૪-૦૮-૨૦૨૫, ગુરૂવાર**

**:: સ્થળ ::**

**શ્રી સ્વામિનારાયણ મંદિર, નારાયણ સરોવર**

**આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ**

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2025/UPTO 31-12-2025














## માંડવી મધ્યે દિનાંક ૧૦ થી ૧૬ માર્ચ ૨૦૨૫ દરમિયાન મંગલકારી શ્રી ઘનશ્યામ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો